# વડનગરમાં છ કિમી લાંબા રોડ શોમાં માનવ મહેરામણ

## મોદીનો રોડ શો અડધા કલાક સુધી ચાલ્યો : વડાપ્રધાનની એક ઝલક મેળવવા અને સ્વાગત કરવા માટે માર્ગોની બંને બાજુએ મોટી સંખ્યામાં લોકો જોડાયા



વડનગર,તા. ૮ ગુજરાતપ્રવાસના બીજા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહેસાણા જિલ્લા સ્થિત પોતાના માદરે વતન વડનગરમાં પહોંચ્યા બાદ ભવ્ય રોડ શો યોજ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. વડનગરમાં હેલીપેડ ઉપર ઉતર્યા બાદ ત્યાંથી હાટકેશ્વર મંદિર સુધી આ રોડ શો યોજાયો હતો. છ કિલોમીટર સુધીના આ રોડ શોમાં માર્ગોની બંને બાજુએ લોકો ઉમટી પડ્યા હતા. આ સમગ્ર રસ્તામાં મોદીના જીવન સાથે જોડાયેલી યાદોને પણ ફોટોના સ્વરુપમાં મુકવામાં આવી હતી. જ્યાં જ્યાંથી મોદીનો કાફલો પસાર થયો ત્યા લોકો ઉમટી પડ્યા હતા. વડનગરના લોકોએ પોતાના પુત્રના સ્વાગત માટે ગુલાબના ફુલનો વરસાદ પણ કર્યો હતો.

મોદીની સમગ્ર ગાડી ફુલોથી ઢંકાઈ ગઈ હતી. મોદીનો આ કાફલો રોડ શો દરમિયાન બીએન હાઈસ્કૂલ થઈને હાટકેશ્વર મંદિરમાં પહોંચ્યો હતો. અહીં મોદીના પૈતૃક મંદિર તરીકે પણ છે. આ મંદિરમાં મોદીએ ભગવાન શિવની પૂજા કરી હતી. હેલિપેડથી વિસનગર તાલુકાના ગુંજા ગામે સવારે ૯.૪૫ વાગે પહોંચતા વડનગર ખાતેના ભવ્ય રોડ શોમાં માનવ મેદની ઉમટી પડી હતી. રોડ શો વખતે ગુલાબો અને ગુલાલ ઉડાડીને અભિવાદન કરવામાં આવ્યું હતું. મોદી ગાડીમાંથી નીચે ઉતરી તમામ પ્રોટોકોલ તોડીને પગે ચાલીને પ્રજાનું અભિવાદન ઝીલ્યું હતું. સવારે ૯.૩૦ વાગે છ કિમી લાંબા મોટા રોડ શોની શરૂઆત થઈ હતી જે અડધા કલાક સુધી ચાલ્યો હતો. સુરક્ષાને લઈને પણ મજબૂત તૈયારી કરવામાં આવી હતી. તમામ જગ્યાઓએ અનેક સ્તરીય સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. કેટલીક જગ્યાએ મોદીની ગાડી અને લોકો વચ્ચે અંતર ખુબ ઓછું થઈ જવાના લીધે લોકોમાં વધારે ઉત્સુકતા જોવા મળી હતી. ઘણી જગ્યાએ તો લોકોએ પોતાની છત ઉપર પહોંચી જઈને પણ મોદીનું સ્વાગત કર્યું હતું. સમગ્ર રસ્તા ઉપર મોદીના જુના ફોટાઓના બેનર મુકવામાં આવ્યા હતા. કેટલીક જગ્યાએ સ્ટેજ બનાવીને રંગબેરંગી કાર્યક્રમ પણ યોજવામાં આવ્યા હતા.

### મોદીના કાર્યક્રમની સાથે સાથે

ગુજરાતના બે દિવસના પ્રવાસે પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બીજા દિવસે મહેસાણા જિલ્લા સ્થિત પોતાના માદરે વતન વડનગરમાં અનેક કાર્યક્રમોમાં હાજરી આપી હતી. વડાપ્રધાન વડનગરમાં હેલીપેડ પર હવાઈદળના વિમાન મારફતે પહોંચ્યા હતા. વડનગરમાં જુદા જુદા કાર્યક્રમ ત્યારબાદ તેમના શરૂ થયા હતા. મોદીએ વડનગરમાં મેડિકલ કોલેજનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યારબાદ વડનગરમાં મિશન ઈન્દ્રધનુષની શરૂઆત કરાવી હતી. આ ગાળા દરમિયાન મોદીએ વિશાળ જનસભાને પણ સંબોધી હતી જેમાં મોદીએ પોતાની વિકાસ કામગીરીનો ઉલ્લેખ કર્યો હતો. વડનગરમાં મોદીના કાર્યક્રમની સાથે સાથે નીચે મુજબ છે.



- મોદી હેલિકોપ્ટરથી વિસનગર તાલુકાના ગુંજા ગામે સવારે ૯.૪૫ કલાકે આવી પહોંચતા ગુંજાથી વડનગર ખાતેના ભવ્ય રોડ શોમાં માનવ મેદની ઉમટી પડી
- નરેન્દ્ર મોદીના રોડ શો વખતે પ્રજાએ ગુલાલો અને ગુલાબો ઉડાડી અભિવાદન કર્યું
- મોદીએ વડનગર ખાતે ગાડીથી નીચે ઉતરી તમામ પ્રોટોકોલ તોડીને પગે ચાલીને પ્રજાનું અભિવાદન ઝીલ્યું
- માદરે વતન વડનગરની ધરતી પર પગ મુકતાની સાથે જ મોદીએ વડનગરની ધરતીને નમન કર્યા
- વડનગરના હાટકેશ્વર મંદિરમાં મહાદેવજીની પૂજા અર્ચના કરી અને આરતી ઉતારી
- વડનગર મેડિકલ કોલેજનું લોકાર્પણ બાદ મોદી વિવિધ વિભાગોમાં ફરીને વિદ્યાર્થીની સુવિધા નિહાળી
- વિદ્યાર્થીઓ સાથે મેડિકલ કોલેજમાં વાર્તાલાપ પણ કર્યો
- મોદી વડનગરના સભા સ્થળે ૧૧.૨૫ કલાકે પહોંચતા જનમેદનીએ મોદી મોદીના નારાઓ બોલી સ્વાગત કર્યું
- સભા સ્થળે વિશાળ જનમેદની વેલકમ નમોની કૃતિનું સર્જન કર્યું હતુ
- મોદી પોતાની શાળા બીએન હાઈસ્કૂલ ખાતે ગયા હતા અને શાળાને નમન કરીને બાળપણના સ્મરણો વાગોળ્યા હતા
- મોદી વિશાળ જનમેદનીને નમન કરીને આવકારી રહ્યા હતા ત્યારે ધાર્મિક શ્લોક સાથે અભિવાદન કરાયું હતું

## પોતાની સ્કૂલમાં પહોંચેલ મોદી ભાવનાશીલ બન્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના વતન રાજ્ય ગુજરાતના પ્રવાસના બીજા દિવસે આજે પોતાના ગામ વડનગર પહોંચ્યા હતા. સવારે વડનગર પહોંચ્યા બાદ મોદીને લઈને લોકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી.



આ ગાળા દરમિયાન તેઓ તેમના પુર્વ કાર્યક્રમ વગર જ તે સ્કૂલમાં પણ પહોંચી ગયા હતા જ્યાં તેઓએ કોઈ સમયે અભ્યાસ કર્યો હતો. મોદી ચાલતા પોતાની સ્કૂલ બીએન હાઈસ્કૂલમાં ગયા હતા અને શાળાને નમન કરીને બાળપણના સ્મરણો વાગોળ્યા હતા. અને સ્કૂલની માટી પોતાના માથે લગાવી હતી અને ઝુકીને નમન પણ કર્યું હતું. વડાપ્રધાન બન્યા બાદ મોદીની આ પ્રથમ વડનગર યાત્રા હતી. તેમની આ યાત્રા ભાવનાત્મક બની ગઈ હતી. સ્કૂલની માટીને માથે લગાવીને વડાપ્રધાને પોતાની ભાવનાઓનો ઉલ્લેખ કર્યો હતો. વડનગર સ્ટેશન પર જ નરેન્દ્ર મોદી પોતાના પિતાની સાથે કોઈ સમયે ચા વેચતા હતા.

## હાટકેશ્વર મંદિરમાં નરેન્દ્ર મોદીએ પૂજા અર્ચના કરી

વડનગરના હાટકેશ્વર મંદિરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહાદેવજીની પૂજા અર્ચના પણ કરી હતી. મોદીએ ભગવાનની આરતી પણ ઉતારી હતી. મોદી પહેલા પણ આ મંદિરમાં હમેશા આવતા રહ્યા છે જેથી મોદીની મંદિરની મુલાકાતને લઈને પણ લોકોને માહિતી મળ્યા



બાદ પહેલાથી લોકો ઉમટી પડ્યા હતા. મોદીએ હાટકેશ્વરના આશીર્વાદથી યાત્રા શરૂ કરી હતી. તેમણે કહ્યું હતું કે, વડનગર અને વારાણસી બંને ભોલેબાબાની ભૂમિ છે. વડનગરના હાટકેશ્વર બાબાના આશીર્વાદથી, વારાણસી-કાશી સુધીની યાત્રા અને સફળ યાત્રા માટે વારાણસીના ભોલેબાબાના આશીર્વાદ છે. ભગવાન શિવજી એટલે ભોલેબાબા પાસે ઝેર પીવાની અને ઝેર પચાવવાની શક્તિ છે. તાકાત છે. મને પણ ઝેર પીવાની અને ઝેર પચાવવાની ભોલેબાબાએ શક્તિ આપી છે તેમ મોદીએ કહ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૦૧થી મને પણ ભોલેબાબાના આશીર્વાદથી ઝેર પચાવવાની તાકાત આવી છે જેના કારણે ભલભલા ઝેર ઓકનારાઓ હોય તો પણ તેને પચાવીને માત્રને માત્ર માતૃભૂમિની સેવા કરી રહ્યો છું.

## બનાસ ડેરી દ્વારા બનાસ દાણના ભાવમાં પ્રતિ ૭૦ કિલોની બોરીએ રૂ.૧૦૦નો ઘટાડો કરાયો

બનાસ ડેરી બનાસકાંઠાના દૂધ ઉત્પાદકોને ઉત્તમ ગુણવત્તાનું બનાસ દાણ પૂરું પાડે છે. દૂધ ઉત્પાદકો બનાસ દાણ પોષણક્ષમ ભાવે ખરીદી શકે તે બાબતનો પૂરતો ખ્યાલ રાખવામાં આવે છે. બનાસ ડેરીએ બનાસ દાણના ભાવમાં પ્રતિ ૭૦ કિલોની બોરીએ રૂ. ૧૦૦ નો ઘટાડો કર્યો છે. ૧૦. ૧૦. ૨૦૧૭થી લાગુ કરવામાં આવશે.

ડેરીના માન.ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળના નેતૃત્વમાં દૂધ ઉત્પાદકોના હિતોની જાળવણી માટે કાચા માલની ખરીદીમાં ગુણવત્તા સાથે પારદર્શક તંત્ર કાર્યરત કરવામાં આવેલ છે અને દરેક વસ્તુની ખરીદીમાં ચોક્કસ નીતિ નિયમોને અનુસરવામાં આવે છે તેથી બજારના ચઢાવ ઉતારની અવળી અસરોને રોકી શકાઈ છે. આ ઉપરાંત બનાસ દાણના ઉત્પાદન એકમોને પણ પૂરી કાર્યક્ષમતા અને કરકસરથી ચલાવવામાં આવે છે.

પ્રતિ ૭૦ કિલોની બનાસ દાણની બોરી દૂધ ઉત્પાદકોને રૂ. ૧૧૯૦ના ભાવે મળતી હતી. હવે દૂધ ઉત્પાદકો રૂ.૧૦૯૦ના ભાવે ૭૦ કિલોની બોરી ખરીદી શકશે. આમ બનાસકાઠાના દૂધ ઉત્પાદકો માટે બનાસ દાણમાં પ્રતિ ૭૦ કિલોની બોરીએ રૂ. ૧૦૦નો ઘટાડો થતા ખુશીની લહેર પ્રસરી જવા પામી છે. નિયામક મંડળના આ હિતકારી નિર્ણયને દૂધ ઉત્પાદકોએ ઉત્સાહપૂર્વક વધાવી લીધો છે.

બનાસ દાણની ગુણવત્તા બાબતે તાજેતરમાં શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવ્યા છે, જેના પરિણામે પશુઓના સ્વાસ્થ્યમાં તેમજ દૂધના ફેટ અને એસ.એન.એફમાં પણ સારો એવો સુધારો થયેલ છે. ભેંસ માટેનું અલગથી વિશેષ દાણ પણ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. તમામ દાણમાં મિનરલ પોષક તત્વોનું પ્રમાણ પણ અગાઉ કરતા વધારવામાં આવ્યું છે અને તેમાં પણ ઉત્તરોત્તર સુધારો કરવામાં આવી રહ્યો છે.

બનાસ દાણના ભાવમાં પ્રતિ ૭૦ કિલોની બોરીએ રૂ. ૬૦નો ઘટાડો કરવામાં આવ્યો હતો. નિયામક મંડળના પારદર્શક અને કરકસરયુક્ત વહીવટના કારણે ટૂંકાગાળામાં જ પુનઃ બનાસ દાણના ભાવમાં પ્રતિ ૭૦ કિલોની બોરીએ રૂ.૧૦૦ નો ઘટાડો કરી શકાયો છે.

## ઓડીએ ભારતમાં A5 અને S5 મોડલ લોંચ કર્યા

જર્મન લકઝરી કાર ઉત્પાદક ઓડીએ ઓડી A5 સ્પોર્ટબેક, ઓડી એક કેબ્રિયોલેટ અને ઓડી એક સ્પોર્ટબેક લોંચ કરીને ભારતમાં A5 બ્રેડપેકની જાહેરાત કરી હતી. ઓડીની આ ત્રિપુટી એસ્થેટિક લુક ધરાવે છે અને અંદરની વિશાળ સ્પેસ ધરાવે છે. આ ભવ્ય કારમાં નવા વિકસાવેલા સસ્પેન્શન, હાઈ-પર્ફોમન્સ ડ્રાઈવ્સ, ઈનોવેટિવ ઈન્ફોટેઈનમેન્ટ સોલ્યુશન્સ, ઓડી વર્ચ્યુઅલ કોકપિટ અને ઓડી સ્માર્ટફોન ઈન્ટરફેસ છે. ઓડી A5 સ્પોર્ટબેકની કિંમત રૂ. ૫૪,૦૨,૦૦૦ ઓડી A5 કેબ્રિઓલેટની કિંમત રૂ. ૬૭,૫૧,૦૦૦ અને ઓડી S5 સ્પોર્ટબેકની કિંમત રૂ. ૭૦,૬૦,૦૦૦ છે. ઓડી A5 માં ૨૦ લિટર ટીડીઆઈ ડીઝલ એન્જિન છે અને આ સિરિઝની બંને કાર 149 KW પાવર આપે છે. ઓડી A5 સ્પોર્ટબેક પાવરફુલ ૩.૦ TFST ક્વોટ્રો ટિપ્ટ્રોનિક એન્જિન સાથે સજ્જ છે. જે ૨૬૦ કેવી પાવરનું ઉત્પાદન કરે છે. ઓડી A5 રેન્જ ઓડી વર્ચ્યુઅલ કોકપિટ અને ઓડિ સ્માર્ટફોન ઈન્ટરફેસ સાથે સજ્જ છે.

ઓડી ઈન્ડિયાના હેડ રાહિલ અન્સારીએ જણાવ્યું હતું કે, ૨૦૧૭ એ ઓડી રિલોડેડ વર્ષ છે અને A5 રેન્જ નવા યુગનો પ્રારંભ સૂચવે છે.

### કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

ઉપર ભાર મુકી ચૂંટણી પંચ સમક્ષ વિરોધ પક્ષોએ રજુઆત કરેલ છે.

ભારતના દરેક મતદાતાને મતદાન કરવાનો સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં બંધારણમાં હક્ક, અધિકાર આપ્યો છે. જેના ઉપર ચૂંટણી પંચ કે સાશક પક્ષ મનફાવે તે રીતે તરાપ ના મારી શકે જે રીપ્રેઝન્ટેશન ઓફ પીપલ્સ એકટની ૧૯૫૦ની કલમ ૨૨ મુજબ ગેરબંધારણીય છે પરંતુ તે માટે મતદારે જાગૃત બની પોતાનું નામ મતદાર યાદીમાં છે કે નહિ તે ધ્યાન રાખવું જોઈએ, ગેરકાયદેસર રીતે કાઢી નાંખેલ નથી તે ચકાસવું જોઈએ મતદારોએ પોતાના મતની કિંમત સમજવી જોઈએ મતદાન કરવું એ દરેક મતદાતાનો અધિકાર છે. સાચી રીતે મતદાન કરી સાચી લોકશાહીને સાર્થક કરવીએ દરેક મતદાતાનો પવિત્ર હક્ક અને અધિકાર છે.

### અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

પ્રધાન રહેલા લાલકિશન આડવાણી જેવા મહારથીઓ માટે ભલે હવે વનવાસયુગ આરંભાયો હોય, વડા પ્રધાનપદે નરેન્દ્ર મોદીના આગમન પછી લોકસભાના અધ્યક્ષપદે સુમિત્રા મહાજન, રાષ્ટ્રપતિપદે રામનાથ કોવિંદ અને ઉપરાષ્ટ્રપતિપદે વેંકૈયા નાયડુના સત્તારોહણ પછી ભાજપનો ભગવો ચોમેર છવાઈ ગયો છે. કૉંગ્રેસ ક્યારેક રાજીવ ગાંધીના યુગમાં લોકસભે ૪૦૪થી ૪૨૬ બેઠકો ધરાવતી હતી, એ અત્યારે સાવ ૪૪ બેઠકોની સૌથી નીચી સપાટીએ છે. લોકસભામાં વિપક્ષના નેતાનું પદ સત્તાવાર રીતે મેળવવા જેટલી બેઠકો પણ એની કને નથી. જોકે, ગુજરાત વિધાનસભામાં શંકરસિંહે જે ધાડ પડાવી એ પછી ૧૮૨ના ગૃહમાં કૉંગ્રેસ પાસે રોકડી ૪૩ બેઠકો જ રહી છે, છતાં કૉંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની સૌરાષ્ટ્ર યાત્રાએ બે દાયકાથી સત્તાવિમુખ આ પક્ષને આશાનું કિરણ દર્શાવવાની અપેક્ષા જરૂર જગવી છે. પાટીદાર અનામત આંદોલનને પગલે ભાજપી મુખ્ય પ્રધાન આનંદીબહેન પટેલે ઘરભેગા થવું પડ્યું અને મુખ્ય પ્રધાન તરીકે નીતિન પટેલના ફટાકડા ફૂટ્યા પછી વિજય રૂપાણીનું નામ જાહેર થયું, ત્યારથી મુખ્ય પ્રધાન રૂપાણી અને નાયબ મુખ્ય પ્રધાન નીતિનભાઈ સરકારી કાર્યક્રમો, ગૌરવ યાત્રાઓ અને ઉદઘાટનોમાં રીતસર દોડતા રહ્યા છે.બહેન સાથે એમના ઘરે જઈને નાછૂટકે અમિત શાહે મંત્રણાઓ કરવી પડે એવા સંજોગો મોદીના આગ્રહને લીધે ઊભા થયા છે.પાટીદારોને મનાવવા રીતસર નાકલીટી તાણીને બિન અનામત માટે નિગમ સહિતની જાહેરાતો કર્યા પછીય હાર્દિક પટેલ આણિ મંડળીને રાજી કરવામાં સફળતા મળી નથી. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ગુજરાતના વિધાનસભ્યમાંથી રાજ્યસભે જવાનું થયું અને દેશભરમાં ભાજપનો ભગવો લહેરાવવાનો હોવા છતાં ગૃહરાજ્યને જાળવી રાખવા છાસવારે અમદાવાદ આવવું પડે છે. વડા પ્રધાન મોદીએ પણ 'સૌની' યોજનાના લોકાર્પણથી લઈને નર્મદા ડેમના રાષ્ટ્રાર્પણ સુધીના સમારંભોમાં આવીને નાક બચાવવાની કવાયત આદરવી પડે છે. ક્યારેક મે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં જે સોશિયલ મીડિયાના શઢ પર ચઢીને ભાજપ દિલ્હીમાં સત્તા સુધી પહોંચ્યો, એ જ સોશિયલ મીડિયામાં 'વિકાસ ગાંડો થયો છે'થી લઈને 'મારા હાળા છેતરી ગયા'ના ઝટકાએ સત્તાપક્ષની નીંદર વેરણ કરી છે.

કૉંગ્રેસની બોલબાલાના યુગમાં વડાં પ્રધાન ઈંદિરા ગાંધી અંબાજીનાં દર્શન કરીને ગુજરાતમાં પ્રચારના શ્રીગણેશ કરતાં હતાં. આ વખતે એમના પૌત્ર રાહુલ ગાંધીએ દ્વારકાધીશ અને સોમનાથ તથા કાગવડ સહિતનાં ધાર્મિક સ્થાનકોએ દર્શન કરીને ગુજરાતમાં ધીરગંભીરપણે પહેલા તબક્કાની જનસંપર્કયાત્રા પૂરી કરી છે. ગુજરાતના વિવિધ વિસ્તારોમાં તબક્કાવાર રાહુલ જનસંપર્ક આદરવાના આયોજનમાં છે. માત્ર ચૂંટણી સભાઓ ગજવીને કે ભાષણો કરીને ચાલ્યા જવાને બદલે ચારેક દિવસ પ્રદેશના જે તે વિસ્તારમાં રહીને સંપર્ક બનાવીને, પ્રજાના પ્રશ્નો ઊઠાવીને સત્તારૂઢ પક્ષની સરકારે વણઉકેલ્યા રાખેલા પ્રશ્નોને વાચા આપીને લોકોની ભાવના અને અપેક્ષાને ઉજાગર કરી ગાંધીનગરમાં સત્તા કબજે કરવાના કોંગ્રેસી વ્યૂહ છે. શંકરસિંહના અંદર રહીને કૉંગ્રેસની કમર તોડવાના વ્યૂહ છતાં બાકીની કૉંગ્રેસની સેના હજુ અકબંધ રહી છે. જોકે, ઉમેદવારીપત્રકો ભરાયા પછી પણ ભાજપવાળા અમુક કળા કરવાના એ વાતે કૉંગ્રેસની નેતાગીરી આગોતરી તૈયારી કરી ચૂકી છે. ૨૨ વર્ષના ભાજપી શાસન છતાં ફરી એક વાર ભાજપ સરકાર બનાવશે, એવી પ્રજામાં ઊઠતી છાપ છતાં કૉંગ્રેસ માટે આ વેળા છેલ્લો અવસર હોવાની ગણતરી સાથે એમણે કેસરિયાં કર્યાં છે. રાહુલને હવે પપ્પુ ગણાવવાના ભાજપી ખેલ સત્તાપક્ષ ભણી બૂમરેંગ થતા વધુ લાગે છે. પક્ષ અને સરકારી તંત્ર એકાકાર હોવા છતાં સત્તાપક્ષ સામે પ્રજામાં ઘૂમરાતો અસંતોષ મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાનના કાર્યક્રમોમાં ખાલી ખુરશીઓના સોશિયલ મીડિયામાં વાઈરલ થતા વીડિયોથી અનુભવાય છે. સ્વયં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહના કરમસદ કાર્યક્રમમાં પણ પાટીદાર યુવાનો ધાંધલ મચાવે કે પ્રધાનોના કાર્યક્રમોનો પ્રજા થકી બહિષ્કાર થાય અને સાથે જ સંઘ પરિવારનાં ભારતીય કિસાન સંઘ કે ભારતીય મઝદૂર સંઘ જેવાં સંગઠનો સત્તાપક્ષની નીતિઓ સામે વિરોધ કરે એ બધાનો લાભ લેવા કૉંગ્રેસ મેદાને પડી છે. કેટલો ફાયદો થશે એ કહેવું મુશ્કેલ છે, પરંતુ કીપ યોર ફિંગર ક્રોસ્ડ.

- haridesai@gmail.com

### સંમેલન મોકુફ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠાકોર સેનાની નાડી પારખી ગયો છે. પક્ષ પસંદગીમાં અલ્પેશની એક ભુલ તેની રાજકીય કારકિર્દીનો અંત લાવી શકે છે.

૯મી ઓક્ટોબરે સે. ૧૧ રામકથા મેદાનમાં અલ્પેશ ઠાકોર જનાદેશ સંમેલન યોજી કયાં રાજકીય પક્ષમાં જોડાશે તેની સત્તાવાર જાહેરાત કરવાના હતા. તંત્રએ આ સંમેલનમાં સભાની મંજુરી ન આપતા હવે ૯ ઓક્ટોબરને બદલે ૨૩ ઓક્ટોબરે જનાદેશ સંમેલન યોજાશે. અલ્પેશ ઠાકોરે આ જાહેરાતની સાથે જ ગૌરવયાત્રા પર આક્ષેપો કર્યા હતા. દલિતો પર થતા અત્યાચારે જીગ્નેશ મેવાણીએ રસ્તા પર ઉતરી આવવુ પડ્યુ છે. ખેડૂતોના દેવા માફી સરકાર કરતી નથી. દારૂ ખુલ્લેઆમ વેચાય છે. કોનુ ગૌરવ ભાજપ લે છે ? આ ગૌરવયાત્રા નથી વિકાસથી વંચિત રહી ગયેલા લોકોને હાસી પાત્ર છે. અલ્પેશે વધુમાં ઉમેર્યુ હતુ કે કયા પક્ષમાં જોડાવુ તે નિર્ણય લઈ લીધો છે. અત્યારે જનાદેશ જાહેર કરી દઈશુ તો ૨૩ તારીખના સંમેલનનો કોઈ મતલબ નહી રહે. ૧૫ તારીખ સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ જશે. અમે જે પક્ષ સાથે જોડાશુ તે પક્ષ અમારા મુદ્દાઓ ચૂંટણી ઢંઢેરામાં જાહેર કરશે. અલ્પેશે મોદીને પણ આડે હાથ લીધા હતા. વિકાસના મોડેલે મોદી સાહેબને પીએમ બનાવ્યા... જ્યાથી સાહેબે પ્લેન ઉડાવ્યુ ત્યાંના લોકોનો વિકાસ નથી થયો. વિકાસ થયો તે બુટલેગરોને ત્યાં થયો. ભ્રષ્ટાચારનો વિકાસ ગુજરાતમાં થયો. વિકાસ થયો હોત તો હાર્દિક પટેલ રસ્તા પર ન આવ્યો હોત..! અલ્પેશે ભાજપની વિકાસયાત્રાને અને મોદીને આડે હાથ લેતા તેના કોંગ્રેસમાં જોડાવાના સંકેતો પ્રબળ બન્યા છે.

### હા, સાહેબ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"હા આવુ જ ચાલે છે અને આમ જ વાતાવરણ ડહોળાય છે... રજનુ ગજ થાય અને વેરના વાવેતર થાય... અંતે દેશ નબળો પડે... લોકશાહી વ્યવસ્થા ખોટવાય..."

"હં... સાહેબ આપણે આ સ્થિતિ અટકાવવા પશ્ચિમના દેશો જેવુ જ કરવુ જોઈએ. દેશના મુખ્ય બે કે ત્રણ પક્ષોના વડાએ એક મંચ ઉપરથી દેશના મુખ્ય પ્રશ્નોની જાહેર ચર્ચા કરવી જોઈએ. પોતાના પક્ષનો અભિગમ સ્પષ્ટ કરવો જોઈએ. એટલે આ હોબાળા અટકે અને ગાળાગાળી અટકે."

"સારો વિચાર છે. સારી વાતને સૌએ સ્વીકારવી જોઈએ તો જ લોકશાહી મજબુત બનશે. દેશ મજબુત બનશે."

- નિમિત્ત માત્ર

### મહેનત કરીશ ● અનુસંધાન પહેલાનું ચાલુ

મિશન ઈન્દ્રધનુષ સઘન રસીકરણ યોજના દ્વારા દેશના તમામ બાળકો અને સગર્ભા માતાઓને આવરી લેવામાં આવશે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, દેશમાં ચાર લોકસભા બેઠક વિસ્તાર વચ્ચે એક મેડિકલ કોલેજ સ્થાપિત થાય તેવું આયોજન નવી સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે. ઉત્તર પ્રોફેસર માટે આ વર્ષે પોસ્ટ ગ્રેજ્યુએશનની ૬૦૦૦ બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે. શર્મિષ્ઠા તળાવ વડનગરના આત્મા તરીકે છે તેના ઉપર હેંગિંગ બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. મોદીના હસ્તે વડનગર મેડિકલ કોલેજ, હિંમતનગર હોસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

### યુદ્ધ માટે તૈયાર ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ભારતીય હવાઈ દળ દુનિયામાં ચોથા સૌથી શક્તિશાળી હવાઈ દળ તરીકે રહ્યા છે. ધનોવાએ કહ્યું હતું કે, ગયા વર્ષે પઠાણકોટમાં હવાઈ દળના હેડક્વાર્ટર પર થયેલા ત્રાસવાદી હુમલાને ધ્યાનમાં લઈને કોઈપણ પડકારને પહોંચી વળવા માટે હવાઈ દળના સ્થળોની સુરક્ષા વધારી દેવામાં આવી છે. ગયા વર્ષે જાન્યુઆરી મહિનામાં ત્રાસવદીઓ સરહદ પાર કરીને ભારતમાં ઘુસી ગયા હતા અને પઠાણકોટ એરબેઝ ઉપર હુમલો કરી દીધો હતો જેમાં સાત સુરક્ષા જવાનો શહીદ થયા હતા. ચાર ત્રાસવાદીઓ પણ માર્યા ગયા હતા. હવાઈ દળે આજે ૮૫માં સ્થાપના દિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે હિડન એરબેઝ ઉપર ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જ્યાં હવાઈ દળના વિમાનોએ શક્તિ અને સૌર્યનું પ્રદર્શન કર્યું હતું. આકાશમાં દિલધડક પરાક્રમો દર્શાવવામાં આવ્યા હતા.

### અંત્યોદય એક્સરપ્રેસ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોદીના લોકસભા મતવિસ્તારમાં જવા ઈચ્છુક છે તે લોકો પણ સરળતાથી જઈ શકશે. હવે તેમને વારાણસી જવાનું સરળ થઈ જશે. તેઓ મહામના એક્સપ્રેસથી યાત્રા કરી શકે છે.

લાંબા અંતરની ટ્રેનો ઉપર મોદીએ ભાર મુક્યો હતો. તેમણે કહ્યું હતું કે, અમે દિનદયાળ ઉપાધ્યાયના સપનાઓને સાકાર કરવાની દિશામાં આગળ વધવાની જરૂર છે. અહીં પણ મોદીએ કોંગ્રેસ સરકાર ઉપર પ્રહારો કરવાની તક જવા દીધી ન હતી.

### મહત્વનો ચુકાદો ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપર પણ પ્રતિબંધ મુક્યો હતો. મોડેથી ૧૨મી સપ્ટેમ્બરના દિવસે સુપ્રીમ કોર્ટે લોકો દ્વારા વિરોધ કરવામાં આવ્યા બાદ તેના આદેશને આંશિકરીતે ઉઠાવી લીધો હતો અને ફટાકડાના વેચાણને મંજુરી આપી હતી. સીપીસીબી દ્વારા સુપ્રીમ કોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, તેઓ અરજીને ટેકો આપે છે. ફટાકડાના વેચાણને મંજુરી આપતા લાયસન્સની રજૂઆત કરનાર લોકોએ તર્કદાર દલીલો કરી હતી.

### આવકમાં વધારો ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જે ૨૦૦ ગ્રામ પંચાયતોમાં ૨૦૧૪-૧૫ની તુલનામાં ૨૦૧૫-૧૬માં આવક વધુ જણાઈ આવેલ છે તેમાં દહેગામની ૪૮, માણસાની ૪૯, કલોલની ૪૯ અને ગાંધીનગરની ૫૪ પંચાયતોનો સમાવેશ થાય છે.

જિલ્લાના ચારેય તાલુકામાં પંચાયતોની આવકમાં થયેલા વધારાને લઈ તંત્ર દ્વારા સંતોષની લાગણી વ્યક્ત કરવામાં આવી છે. જો કે આવકમાં ઘણી પંચાયતોમાં જે ખરેખર વૃદ્ધિ જણાવી જોઈએ તેટલી વૃદ્ધિ જણાઈ ન હોવાથી વેરા વસુલી પર આગામી દિવસોમાં વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ખાસ કરીને સફાઈવેરાની વસુલાતમાં સારી એવી ઉદાસીનતા ઘણા ગામોમાં જોવા મળી હોવાનું જાણવા મળેલ છે. ૨૦૧૪-૧૫ની તુલનામાં ૫૪ ગામોની આવકમાં વૃદ્ધિ જરૂર જણાઈ છે. પરંતુ તલાટીની ખાલી જગ્યાઓ પણ ઓછી વસુલાત માટે જવાબદાર કારણ હોવાનુ મનાઈ રહ્યું છે.

### નારાજગી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હમદર્દી બતાવવા ઉચ્ચારણો નહિ કરતાં ખેડૂતોમાં નારાજગી ઉભી થઈ છે. ચૌધરીએ જણાવ્યુ છે કે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે જરૂરી છે એટલુ જ નહિ ભારે વરસાદ પછી ખેતીને થયેલ નુકશાનમાં વળતર સમયસર મળે તે પણ જરૂરી છે. તેમણે જણાવ્યુ કે આજે ખેતીમાં કપાસ અને દિવેલાના પાકમાં રોગચાળાની સ્થિતિથી ઉત્પાદન પર વિપરીત અસરો પડવાની સંભાવનાઓ છે ત્યારે પ્રધાનમંત્રીએ હમદર્દી પણ ન બતાવી તેથી નારાજગી વધવા પામી છે.